

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*લોકો નો 'આપ' પરથી વિશ્વાસ ઉઠતો જાય છે,*
*અન્નાના ચેલા પરથી વિશ્વાસ ખૂટતો જાય છે,*
*ફૂટતા જાય છે સાથીઓ-લોભ, લાલચ-સ્વાર્થમાં*
*મિત્ર વિશ્વાસનો પણ વિશ્વાસ છૂટતો જાય છે.*
*('આપ'માં ધરતીકંપ)*

હાઈકુ

*જુઓ શાંતિથી,*
*માથે હાથ દઈને -*
*પાક બર્બતા!*
*(શહિદી વ્યર્થ નહીં જાયેગી!)*

*બદલા લેંગે*
*આજ નહીં તો કાલ -*
*- કે બીજા જન્મે!!*
*(રાજનાથ બણગા)*

### ચિંતન

*મજ્જત્યજ્ઞ કિલાજ્ઞાને વિષ્ટાયામિવ શૂકરઃ ।*
*જ્ઞાની નિમજ્જતિ જ્ઞાને મરાલ ઈવ માનસે ॥*

**ઉપરોક્ત શ્લોક જ્ઞાનસાર અષ્ટકમાંથી લેવામાં આવેલ છે.**

**જેમ ડુક્કર વિષ્ટામાં મગ્ન થાય છે તેમ અજ્ઞાની ખરેખર અજ્ઞાનમાં મગ્ન થાય છે, જેમ હંસ માનવસરોવરમાં નિમગ્ન થાય છે તેમ જ્ઞાની પુરુષ જ્ઞાનમાં નિમગ્ન થાય છે.**

**જ્ઞાનસાર કહે છે જેવી 'દૃષ્ટિ તેવી સૃષ્ટિ' કાગડો - સમડીની નજર હજારો મીટર ઉંચેથી પણ વિષ્ટા અને શિકાર પર જ રહે છે એ 'ઊંચાઈ' અજ્ઞાનની દુષિત છે.**

**જેને સાચાં-ખોટાંનો વિવેક નથી, જીવનનો સાચો હેતુ શું છે એનું જ્ઞાન નથી એ પોતાની મરજી - ઈચ્છાથી ગમે-તેમ જીવી જાય છે.**

### સુવિચાર

- ઈંડાની ટોપલીમાં પથ્થર મૂકશો તો ચિંતા બમણી જ થાય ને? - **આફ્રિકન કહેવત**
- ઊંચું નિશાન રાખ્યા પછી મળેલી - નિષ્ફળતા પણ મૂલ્યવાન છે હું ઊંચી પાત્રતા ધરાવતો નથી પણ નિષ્ફળ જવાની પાત્રતા તો કૃષ્ણ પણ મારી પાસેથી છીનવી શકે તેમ નથી - **ગુણવંત શાહ**
- માણસમાં પડેલી શક્યતાઓ ઉત્તમ વાયોલિનમાં પડેલી સંગીતની સુરાવલી જેવી જ છે - **જીન હોફમેન**
- નિર્વાણનો દરવાજો ખટખટાવીને પાછા ફરેલા બુદ્ધ પણ ગાય માટે ઘાસ વાઢવાનું મહત્ત્વ ઓછું નથી આંકતા - **સાધુ અમૃતદાસ**
- શું માણસ કેવળ પોતાને માટે જ જીવવા સર્જાયો છે? જો આ પ્રશ્નનો જવાબ હા હોય તો માતા નામની ઘટનાનો છેદ જ ઊડી જાય છે આ જગત માતૃત્વ પર ટકેલું છે - **મોરારિ બાપુ**
- માણસની ભીતર શક્યતાનું સરોવર હિલોળા લેતું હોય છે, કોઈ પણ માણસ સામાન્ય નથી હોતો. કેરીમાં રહલા વિટામીન-એ અંગે કેરી ખુદ અજાણ છે - **ગુજરાત ટુડે**
- આજનું ઔષધ : કાચા કાંદા તથા કાચી કેરી સરખા ભાગે મેળવી વાળુમાં લેવાથી ઊંઘ સારી આવે છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

બાંધકામ કરાવનાર કોંટ્રેક્ટરે પોતાના મજૂરોને પણ પોતાનાં 'બાળક'ની જેમ સાચવવા જોઈએ.

ડૉ. સી.વી.રામન માટે નવી લેબોરેટરી તથા ઓફીસના મકાનનું કામ ચાલતું હતું. ચણતર માટે એક મજૂર પગમાં લોહી નીકળવા છતા ખુલ્લાપગે ચૂનો ખુંદી રહ્યો હતો. રામને આ દૃશ્ય જોયું અને પેલા મજૂરને કહ્યું 'ભાઈ અત્યારે જ તું આ કામ મૂકી દે...' પેલો મજૂર કહે, 'સાહેબ આજે હું કામ ન કરું તો ખાઈશ શું, દેહની બહુ દરકાર અમે કરીએ તો પોષાય નહીં.' તારી રોજી-રોટીની તું જરાય ચિંતા ન કર, જયાં સુધી સંપૂર્ણ રુઝ ન આવે ત્યાં સુધી તને પગાર મળશે જ.' તરત પોતાના સહાયકને તે મજૂર સાથે નજીકના સરકારી દવાખાને સારવાર માટે મોકલ્યો. પછી તરત મજૂરના ઠેકેદારને બોલાવ્યો અને કહ્યું, 'ચૂનામાં કામ કરનારને રબરના બુટ આપો...' ઠેકેદારનો જવાબ 'સાહેબ અમે બુટ આપતા નથી એ તો એ મજૂરે જાતે લાવવાના હોય છે.' 'રામને કહ્યું, 'એમની પાસે બે વખત જમવાના પૂરા પૈસા નથી તો બુટના પૈસા કયાંથી લાવે? વળી, રામને કહ્યું, 'આવતીકાલથી જે ચૂનાનું કામ કરે તે બધા મજૂરોને મારા ખર્ચે રબરના બુટ લાવી આપો, અને તેમનું મહેનતાણું મારા સવાયું કરી નાખો. આવા મહાન વૈજ્ઞાનિક સી.વી. રામન નાના માણસોની મુશ્કેલી સમજતા.'

શેઠ-મજૂરના સંબંધમાં માનવતાનું વિશેષ મહત્ત્વ છે.

# નાપાક પાડોશીનું નામ કાપવું જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય સૈનિકોને છેતરીને હુમલો કરવાની પાક આર્મી અને એની બોર્ડર એકશન ટીમને ફાવટ આવી ગઈ છે. સામી છાતીએ લડવાનું તો પાકિસ્તાનનું ગજું નથી એટલે એ કાં તો સરહદ પારથી આતંકવાદીઓને ભારતમાં ધકેલે છે કાં તો આવી કાયરતા ભરી હરકતો કરીને ભારતને અપમાનિત કર્યાનો ઓડકાર ખાતું રહે છે. ભારત માટે આ પોતાના જ દેહના ટુકડા સમો પોડાશી છેલ્લા સાત દાયકાથી સતત શિરોવેદના બની રહેલ છે. પાક આર્મીને કોઈ નૈતિક મૂલ્યો નથી. એના પર સરકારનો પણ કાબૂ નથી. દુનિયાના સૌથી ક્રૂર અને જંગલિયાતભર્યું વર્તન કરનારા લશ્કર તરીકે પાર આર્મી કુખ્યાત છે. તાજેતરમાં બે ભારતીય જવાનોનાં માથાં કાપવાની કમનસીબ ઘટના પછી પાકિસ્તાની લશ્કરી વડાએ કરેલું નિવેદન ક્રૂર મજાક જેવું છે. એમણે આવી ઘટનામાં પાક આર્મી સામેલ હોઈ જ ન શકે એવું ખોંખારીને કહી દીધું છે. પાક આર્મી માનવીય ઉસૂલોમાં ઊંડી આસ્થા રાખથું હોવાનું જણાવી એમણે આ મુદ્દે હાખ ખંખેરી નાખ્યા છે. અદ્દલ એવું જ નિવેધન વડાપ્રધાન નવાઝ શરીફના વિદેશ મામલાના સલાહકાર સરતાજ અઝીઝે કર્યું છે. ચોર કોટવાળને દંડે એમ ઊલટાના આ બેઉ અગ્રણીઓ કાશ્મીરની પ્રજા પર ભારતીય લશ્કર જુલમ કરતું કરતું હોવાનો આક્ષેપ કરે છે. પાક સેનાધ્યક્ષ બાજવાએ તો ખુલ્લંખુલ્લા અલગતાવાદીઓને કાશ્મીરની આઝાદીના મુદ્દે પાક આર્મી મદદ કરતું રહેશે, એમ જણાવી ભારત સાથે કયારેય સંબંધો સમધારણ ન થઈ શકે એવો વ્યવહાર કરવા માંડ્યો છે. ભારતીય સેના પાસે પાક આર્મી જેવી આપખુદશાહી કે ચૂંટાયેલી સરકારની પરવાનગી વગર યુદ્ધવિરામનો ભંગ કરવાની સત્તા નથી, સીમા રેખા ઓળંગવા માટે એને સરકારની લીલી ઝંડીની રાહ જોવી પડે છે. પાક આર્મી પર સરકારનો એવો કોઈ અંકુશ નથી. ત્યાં તો વડાપ્રધાન સતત લશ્કરી વડાથી થરથરતા રહે છે. આથી સ્વભાવિક રીતે જ પાક આર્મી બેફામ બની ગયું છે અને છાશવારે ભારતીય જવાનો સાથે બર્બરતાભર્યું વર્તન કરતું રહે છે. દેશ આખો આ મુદ્દે જવાનો સાથે ઊભો છે અને નાપાક પાડોશીને બોઠપાઠ ભણાવવા સરકારને દબાણ કરી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનકાળની શરુઆત નવાઝ શરીફની 'દોસ્તી' સાથે થઈ હતી. એ પછીના કાર્યકાળમાં સતત હુમલા, છમકલાં અને સૈનિકોનાં માથાં વાઢવા સુધીની ઘટનાઓ બનતી રહી છે. પાકિસ્તાનને પાઠ ભણાવવાની વાતો તો મોદી, રાજનાથ અને જેટલી સહિત બધા જ નેતાઓ કરતા રહે છે, પણ એ ગર્જનાઓનું અમલીકરણ અધૂરું જ રહે છે. સર્જિકલ સ્ટ્રાઈલના નામે મોટી મોટી જાહારેતો કરી એનો રાજકીય ફાયદો ઉઠાવનાર શાસક પક્ષે શહીદ જવાનોનાં સ્વજનોની વેદના સમજવાની જરૂર છે. ફક્ત માથા સાથે માથું કાપી લાવવાથી સમસ્યા ઊકલશે નહીં, આ તો દૂઝતો જખમ છે - એના પર ઊંડું નસ્તર જ મૂકવું પડે. એ પાટાપિંડીથી નહીં મટે. પાકિસ્તાન ચીનના બળ અને સમર્થન પર મુસ્તાક છે. ઓસામા બિન લાગેન અને દાઉદથી લઈ હાફિઝ સઈદ સુધીના આતંકવાદીઓને રક્ષણ આપતા પાકિસ્તાનને દુનિયા તો બરાબર ઓળખી ગઈ છે. પરંતુ એની સામે આજપર્યંત કોઈ કાર્યવાહી થઈ નથી. ભારત જેવી ઊભરતી મહાસત્તા માટે પાકિસ્તાનને એની જ ભૂમિ પર પછાતવાનું કામ અઘરું નથી. વડાપ્રધાન ઈઝરોયલના પ્રશંસક છે અને છપ્પનની છાતી ધરાવતા હોવાનો દાવો કરે છે. જો તેઓ પાકિસ્તાનને ઈઝરાયેલ સ્ટાઈલથી કાયમી બોધપાઠ ભણાવી શકાશે તો દેશ અને એમને દાયકાઓ સુધી યાદ કરશે.

# કેરી...આટલું જાણવું જરૂરી છે...





**પહેલું સુખ તે જાતે નર્યા**
**ડો. કેદાર ઉપાધ્યાય**

ઉનાળો ત્યારે જ જામ્યો લાગે જ્યારે સ્કૂલમાં વેકેશન પડે, ઉનાળાની બપોરે છોકરાઓ ઘરમાં બેઠા રમતો રમે, સાંજે મેદાનો ઉભરાય અને જમવામાં કેરી પીરસાય. કેરીને કદાચ એટલે જ ફળોનો રાજા કહે છે કારણકે સમગ્ર ભારતમાં તે લગભગ દરેક જગ્યાએ મળે છે અને તેની કેટલીય જાતો થાય છે. કેરી ઉત્તમ આહાર છે. આપણે ફળોનો જમવામાં ઉપયોગ કરવા ટેવાયેલા નથી, પણ કેરી તેમા અપવાદ છે. આજે જાણીએ કેરી વિષે અમુક એવી વાતો જે જાણ્યા બાદ કેરી ખાવાની મજા વધી જશે.

જો આપ ૧૦૦ ગ્રામ કેરી ખાઓ તો તેમાથી ૬૦ કિલો કેલરી શક્તિ મળે છે. આ ઉપરાંત કેરીમાં વિટામીન-સી તેમજ વિટામીન બી-૯ પ્રચૂર માત્રામાં છે. આ ઉપરાંત કેરીમાં વિટામીન-એ, વિટામીન-બી કોમ્પ્લેક્સ, વિટામીન-કે, તેમજ વિટામીન-ઈ રહેલા છે. કેરીમાં કેલ્શીયમ, મેગ્નેશીયમ, મેંગેનીઝ, લોહતત્વ, ઝીંક આદિ ખનીજો પણ રહેલા છે.

આયુર્વેદમાં કેરી વિષે પ્રચૂર વર્ણન છે. સંહિતાઓ થી લઈને નિઘંટુઓ સુધી કેરીનું વર્ણન જોવા મળે છે. ચરકસંહિતામાં કેરીનું કષાયસ્કંધ અને અમ્લસ્કન્ધમાં વર્ણન છે (ચરકસંહિતામાં દ્રવ્યોનું વર્ગિકરણ 'સ્કન્ધ' માં કરાયુ છે) યોગરત્નાકર નામના ગ્રંથમાં તો કેરીને 'ફલાધિરાજ' નુ સંબોધન કરાયુ છે.

કેરીના ગુણો ની વાત કરીએ તો કાચી કેરી, પાકી કેરી, ખાટી તેમજ મીઠી કેરી, આદિ પ્રમાણે કેરીના અલગ અલગ ગુણો હોય. જેમકે કાચી કેરી વાયુ તથા પિત્તને વધારનારી, રૂક્ષ, ઉષ્ણ, સુગંધી, રૂચિકર, તેમજ પ્રમેહ અને અતિસારમાં હિતકર છે. જયારે પાકી કેરી વાયુને મટાડનાર, બલવર્ધક, વર્ણને સુધારનાર, પચવામાં ભારે, તથા સુખની અનુભૂતિ કરાવનાર છે. પાકી પણ ખાટી હોય તેવી કેરી લોહિવિકાર, પેટના રોગો, આંખના રોગો, ચામડીનાં રોગો તથા પિત્ત વધારનાર છે. મીઠી કેરી હિતકર છે. પચવામાં થોડી ભારે હોવાથી કેરીના રસની સાથે સૂંઠ લેવામાં આવે છે, જે ફાયદાકારક છે.

આપણે લોકો કેરીના અનેકવિધ ઉપયોગો કરીએ છીએ, જેમકે કેરીનો મુરબ્બો બને, કેરીનું ગોળવાળું, મેથીયા, બોળ પ્રકારનુ અથાણુ બને, કાચી કેરીમાં ગોળ-જીરુ નાખીને ખવાય, બાફલો બનાવીને પીવાય, કાચી કેરીના આમ્બોળીયા બને, ખાટી કેરીનું રાયતુ બને, કાચી કેરીની છાલ ઉતારી ટુકડા કરી તડકે સુકવીને આમચૂર બને, પાકી કેરીનો રસ ખવાય તેમજ લસ્સી થી લઈને આઈસક્રીમ સુધી પાકી કેરીનુ ચલણ છે. કેરીના ગોઠલામાં થી ગોઠલી નીકળે જેને સુકવીને મુખવાસ બને.

આ બધી ચીજોના પોતાના ગુણો છે, અવગુણો પણ છે. અતિમાત્રામાં કોઈપણ વસ્તુ તકલીફ કરે, અને યોગ્ય માત્રામાં આનંદ પણ આપે અને ગુણ પણ કરે. યુનાનિ વૈદકમાં પણ પાકી કેરી વિષે ઘણુ લખાયું છે. પાકી કેરી ચરબી વધારનાર, ખુશ કરનાર, ઝાડો સાફ લાવનાર, પેશાબ વધારનાર છે.

આયુર્વેદમાં આંબાનો ઔષધ તરીકે ખૂબ ઉપયોગ કરાયેલો છે. જેમકે લોહીના ઝાડામાં આંબાના પાન નો રસ ઉપયોગી છે, આંબાની ગોઠલીનું ચૂર્ણ કરમીયા પર અસરકારક છે, દૂઝતા હરસમાં આંબાની ગોઠલીનું ચૂર્ણ મધ સાથે લઈ શકાય, નાકમાં થી લોહી પડતુ હોય (નસકોરી ફૂટે તો) પણ ગોઠલીનું ચૂર્ણ અસરકારક છે. શરીરમાં ગરમી નીકળી હોય તો આંબાની આંતરછાલનું ચૂર્ણ દહિં સાથે લેવાથી ફાયદો થાય છે. આમચૂરને પાણીમાં ઘસીને લગાવવાથી વિંછી આદિના વિષ દૂર થાય છે. આંબાના ઝાડનો ગુંદ ચામડીના રોગોમાં અસરકારક છે. પાકી કેરી પાચનતંત્રને સુધારે છે, શક્તિદાયક છે, વજન વધારનાર છે, વીર્યવૃદ્ધિ કરનાર છે, રક્તવૃદ્ધિ તેમજ રક્તશુદ્ધિ કરનાર છે.

- contact@atharvaayu.com

# મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ!



**મનના ઉમંગો**
**રણછોડ પરમાર**

એક વાર પુસ્તક પરબમાં ફરતા ફરતા લાવણ્ય નામનું એક સામાયિક નજરે ચડયું. તેનુ સુંદર મુખપૃષ્ટ અને આકર્ષક રંગ છપાઈ જોઈ તરત હાથમાં લીધું. મૃખપૃષ્ઠ ઉપર લખ્ય હતું નવિલકા અંક. અંદર જોયું તો પહેલી જ વાર્તા હતી ધૂમકેતુની 'પોષ્ટ ઓફિસ'. બીજી વારતાઓ પણ ઘણી સરસ પસંદ કરવામાં આવી હતી. ઘેર આવી એ બધી વાર્તાઓ વાંચી કાઢી... વાર્તાઓની પસંદગી જોતાં સંપાદકને વખાણવાનું મન થયું. સંપાદક રમેશ વસાણી બોટાદના હતા. વિચાર આવ્યો કે જયારે બોટાદ જવાનું થશે ત્યારે જરુરથી રમેશભાઈને મળવા જઈશું.

એક દિવસ થોડીક કવિતાઓ જુદા જુદા સામિયકોને મોકલી તેમાં લાવણ્યનું પણ નામ હતું. લાવણ્ય તરફથી સ્વીકાર/અસ્વીકારનો પત્ર આવવાને બદલે લય પ્રલય સંસ્થાએ આણંદ ખાતે યોજેલા સન્માન સમારંભનું આમંત્રણ આપ્યું. કાર્યક્રમ શરુ થવાનો સવારનો સાડા નવનો સમય હતો પહેલેથી જ ઉચાટ હતો કે સમયસર પહોંચાશે કે નહિ. આખરે કાર્યક્મ શુ થતા પહેલા હું લાયન્સ હોલમાં પ્રવેશી ચૂકયો હતો.

કાઉન્ટર પર બેઠેલ માણસ બધાના નામ અને ફોન નંબરની નોંધ કરતા હતા સાથોસાથ ત્રણ ચાર નાની નાની પુસ્તિકા પણ આપતા હતા. આમાં એક પુસ્તિકા હતી મારા બા તેના સંપાદક છે આજીવન સાહિત્યના ભેખધારી શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી. મહેન્દ્રભાઈનું નામ હોય એટલે તેની શ્રેષ્ઠતા વિશે તો કોઈ શંકા ના રહે. ખાસ તો તેમના અનોખા વિચારમાંથી પ્રગટ થયેલા સ્વરુપને જોઈ આપણું હદય આનંદથી છલકાઈ જાય. 'મારી બા' આવું જ એજ અદ્ભૂત સર્જન છે. મારે એના વિશે થોડીક વાતો કરવી છે.

મહેન્દ્રભાઈએ અડધી સહીની વાચન કથાના ચાર માતબર ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે. તેમાંથી માતૃવિષયક લખાણો અલગ તારવીને એકઠા કરતાં આ સરસ મજાની નાનકડી રુપકડી પુસ્તિકાનો જન્મ થયો છે. કુલ ત્રીસ લખાણો છે. તે પૈકી આઠ કાવ્ય છે. બે કાવ્ય પંકિતઓ છે. છેલ્લા પૃષ્ઠ પર ઝવેરચંદ મેઘાણીની કવિતા છે. બાકીના લખાણ વાર્તા અને નિબંધ પ્રકારના છે. હરિશ્ચંદ્ર બહેનોની કસાયેલી કલમે લખાયેલી 'અંતર' વિનોદિની નીલકંઠના હાથે રચાયેલી 'આંધળી માનો કાગળ', યદુનાથ દત્તે રચેલી 'બાની વરસગાંઠ', 'રંભાબેન ગાંધીની સાસુનો પત્ર' ગમે તેવા હદયને સ્પર્શી જાય તેવી વાર્તાઓ છે. તેમાંયે 'અંતર' અને 'આંધળી માનો કાગળ' તો કોઈ પણ માતૃવિષયક વાર્તાઓમાં સ્થાન પામે તેટલી ઉત્કૃષ્ટ છે. તેવી જ રીતે નિબંધોમાં રસિક ઝવેરી કૃત 'માનું ગીત' રવિશંકર મહારાજનું 'માધીનો પુત્ર' દિલખુશ દિવાનજીની 'તેથી દિકરા મટી જતા નથી', ભોળાભાઈ પટેલ રચિત ઘર વગેરે લખાણો ઊંચા નિશાન તાકે છે. કેટલાક લેખકોએ પોતાની માતાના સંસ્મરણો લખ્યા છે. તેમાં તેમા 'તે ચુકવી ને આવીશ' લે. મનુભાઈ પંચોળી 'જેઠીબા' લે. રમણલાલ સોની, 'બા' લે. રતિલાલ બોરીસાગર, બહુ સુંદર જીવન ચિરત્રો છે. ગુલામ મહમ્મદ શેખે 'આ તો કયા જનમના પાપ' એવો એક જુદી જ ઢબનો લેખ લખ્યો છે. ચન્દ્રકાંત પંડયા લિખિત 'બાનો ભિખુ' પુસ્તકનો વિપિન પરીખે સરસ પરિચય કરાવ્યો છે. બરાબર એવી જ રીતે ઝવેરચંદ મેઘાણી ના હાથે 'લાશ મિલ જાયેગા' લખાયું છે. જયારે આંખના આંસુ અને હદયનું લોહી કલમમાં ભરીને લખવામાં આવ્યું હોય ત્યારે આડલી હૃદયસ્પર્શી કૃતિઓ રચાય છે.મહેન્દ્રભાઈ દ્વારા આવી રચનાઓ ભેગી કરીને તેને પુસ્તકનું રસપ આપવું તે તો વખાણવાલાયક કામ છે જ પણ તેને રમેશભાઈ વસાણીની માફક આપણા સુધી પહોંચાડવી તે પણ એટલું જ મહત્વનું કર્ય છે. આખી બાબત માતાની આસપાસ વીંટળાયેલા સબંધોની છે એટલે સાહિત્યની સેવાની સાથે જ સમાજની સેવાનું પણ કાર્ય થાય છે. લોકમિલાપના પુસ્તકો આહિત્યિક દૃષ્ટિએ ઉચ્ચતમ હોય છે તો સામે તેની કિંમત નિમ્નત્તમ હોય છે. આ ચાલીસ પાનાની પુસ્તિકાની કિમ્મત ફકત દસ રુપિયા રાખવામાં આવી છે. તેમાં વળો જો સો સામટી લઈએ તો આઠ અને પાંચસો ખરીદીએ તો કેવળ અને કજળ પાંચ રુપિયામાં આટલું મજાનું સાહિત્ય તમને મળી જાય. આવું કામ મહેન્દ્ભાઈ સિવાય બીજુ કોણ કરી શકે? આટલા પાનાની આપણા પ્રકાશકો સો રુપિયામાં પણ કેટલી નિમ્નતમ ચોપડીઓ આપણા માથામાં ફટકારે છે. તેનાથી કોણ અજાણ્યું છે ?

આ પુસ્તિકાના નિવેદનમાં મહેન્દ્રભાઈએ, જેમ માતા વિષયની આ પુસ્તિકા બનાવવામાં આવી છે તેવી રીતે અન્ય પ્રકારના લખાણો આપણા સામિયકો અને પુસ્તકોમાંથી વીણીને તેની આવી પુસ્તિકાઓ ગુજરાતને ચરણે ધરવાની બીજાને હોંશ થશે એવી ઉમેદ દર્શાવી છે. મેઘાણીની ઉમેદ કોણ પુરી કરશે ? આ પ્રશ્ન સાથે જ મારા મનમા એવો વિચાર આવે છે કે ઘણા કુટુંબો પોતાના સ્વજનના મૃત્યુ પ્રસંગે ખાસ તો બેસણામાં કાયમ એકના એક ભજનોની ચોપડીઓ વહેંચે છે જે બે ત્રણ મિહનામાં પસ્તીવાળાની લારીમાં પગ કરી જાય છે. તેના બદલે જો આવી સાહિત્યિક પુસ્તિકાઓ વિતરીત કરવામાં આવે તો આપણા સંતાનોના હાથોમાં આટલા ઉત્તમ લખાણો કોઈ વિશેષ પ્રયાસ વગર જ પહોંચી જાય. અન્ય કોઈ પણ પ્રસંગે આવી પુસ્તિકાઓ વહેંચી શકાય. કોઈકે પહેલ કરવી પડશે. છેલ્લે ભગવતીકુમાર શર્માનું એક કાવ્ય આપની સમક્ષ રજુ કરવાની ઈચ્છા હું રોકી શકતો નથી.

***શ્રેષ્ઠ મિત્ર***

મા મારી... શ્રેષ્ઠ મિત્ર...
બીજી વિત્રતાઓમાં
કદીક સ્વાર્થનું નહિ તો અપેક્ષાનું
વાળ જેવું બારીક
પણ એકાદ કણ તો આવી જાય
પછી, ઘસરકો ઉઝરડો, તિરડ...
માને તો આકાશ જેટલું ચાહી શકાય,
દેવર્તિની જેમ પૂજી શકાય.
પણ એ એવુ કશુંય માંગે-ઈચ્છે-વિચારે નહિ !
એટલે જ દોસ્તીની જેમ
એને ખભે કે ખોળે માથું મૂકી શકાય
ઝઘડી યે શકાય.
આપણા હોઠો પરની દુધિયા ગંધ
એની છાતીમાં અંકબંધ.
એના ખોળામાની
આપણા પેશાબાની દુર્ગંધ એ સાથે લઈને જ જાય
ભગવાનની પાસ -
અને સ્વયં ભગવાન સુગંધ સુગંધ!

**(ભગવાનની યે મા તો હશે જ ને ?)**

# તમે કેટલા મોટા છો એના કરતાં તમે લોકોને કેટલા ઉપયોગમાં આવ્યા એ વધુ મહત્ત્વનું છે



**લાગણીનો મેળો**
**રસિક વાળંદ**

કદીયે નહીં જેણે કોઈનેય ચાહ્યું ને
કદીયે ન કોઈથી ચહાયું,
હે જી, એવું હૈયું હોય તોય શું ને ન હોય તો ય શું?
રૂપ, રંગ, સૂર કેરો ભરિયો છે રસ કેવો
ધરતી ઉપર, આભમાંહી!
એકેય પ્યાલું જેણે કદીયે ન પીધું ને
કદીયે નહીં પિવરાવ્યું,
એ જી, એવું હૈયું, હોય તોય શું ને ન હોય તોય શું?
-પ્રહલાદ પારેખ

તત્ત્વવેત્તા કાન્ટ કહે છે, 'be a persons and treat others as persons.' માનવને વસ્તુ તરીકે ન વાપરતાં તેની જોડે વ્યક્તિ તરીકે વર્તવું જોઈએ... પરંતુ આજે માણસ વસ્તુને પ્રેમ કરવા માંડ્યો છે અને માણસને વાપરવા લાગ્યો છે અને એથીયે આગળ કહું તો આજનું કલ્ચર તો 'use and throw' - 'વાપરો અને ફેંકી દો' નું છે. સમાજ જીવનમાંથી માનવીય સંવેદનાઓ ખતમ થવા માંડી છે. નરી સ્વાર્થ પરસ્તીએ માણસને એકલો અને ખોખલો બનાવી દીધો છે... આ સંદર્ભે એક મેસેજનો વ્યંગ્ય સમજવા જેવો છે.

'હે સ્વાર્થ!'







તારો ખૂબ આભાર...
એક તું જ છે કે જેણે લોકોને એકબીજા સાથે જોડીને રાખ્યા છે...'
દોસ્તો!

એક વખત એક માણસના ખિસ્સામાં ૨૦૦૦ રૂપિયાની નોટ એક રૂપિયાનો સિક્કો ભેગા થયા.

સિક્કો તો અભિભૂત થઈને નોટની સામે જોયા જ કરતો હતો.

નોટે પુછ્યું : 'આટલું ધ્યાનપૂર્વક શું જુએ છે?'

સિક્કાએ કહ્યું : 'આપના જેટલા મોટા મૂલ્યની વ્યક્તિ સાથે કયારેય મુલાકાત થઈ નથી એટલે આપને જોઉં છું.'

આપનો જન્મ થયો ત્યારથી અત્યાર સુધીમાં આપને કેટલું બધું ફર્યા હશા!

આપનું મૂલ્ય મારા કરતાં બે હજારગણું વધારે છે એટલે કેટલા લોકોને ઉપયોગી થયો હશો?

નોટે દુઃખી વદને કહ્યું, 'ભાઈ, તું વિચારે છે એવું કંઈ નથી.' હું એક ઉદ્યોગપતિના કબજામાં હતી. એણે મને સાચવીને એની તિજોરીમાં રાખેલી. એક વખત મને તિજોરીમાંથી બહાર કાઢીને એણે કરેલા ટેક્સચોરીના કૌભાંડને ઢાંકવા માટે લાંચ તરીકે એક અધિકારીના હવાલે રી.

મને એમ થયું કે ચાલો જેલમાંથી છૂટ્યા હવે કોઈના ઉપયોગમાં આવીશ. પણ મારા સપનાઓ સપનાઓ જ રહ્યા. કારણ કે અધિકારીએ મને એના બેંક લોકરમાં કેદ કરી દીધી.

કેટલાય મહિનાઓ બાદ અધિકારીએ એક મોટો બંગલો ખરીદ્યો એટલે મને બેંક લોકરમાંથી બહાર નીકળવાની તક મળી.

જેવી બિલ્ડરના હાથમાં આવી કે એણે તો કોથળામાં પૂરીને એક અંધારી જગ્યાએ મૂકી દીધી.

મારો તો શ્વાસ પણ રુંધાતો હતો.

હજુ થોડા દિવસ પહેલાં જ ત્યાંથી નીકળીને આ માણસના ખિસ્સામાં પહોંચી છું.

ભાઈ, સાચું કહું તો મેં મારી જિંદગી જેલમાં જ વિતાવી છે.

નોટ પોતાની વાત પૂરી કરીને પછી સિક્કાને પૂછ્યું, દોસ્ત, તું તો કહે... તારા જન્મ પછી તું કેટલો ફર્યો ? કોને કોને મળ્યો?

સિક્કાએ હરખાતા હરખાતા કહ્યું, અરે દોસ્ત, શું વાત કહું ? હું તો ખૂબ ફર્યો. એક જગ્યાએથી બીજી જગ્યાએ અને ત્યાંથી વળી ત્રીજી જગ્યાએ સતત ફરતો જ રહ્યો. કયારેક ભિખારી પાસે જઈને એને બિસ્કીટનું પૅકેટ અપાવ્યું તો કયારેક નાના બાળકોના હાથમાં જઈને એને ચોકલેટ અપાવી.

પવિત્ર તીર્થ સ્થાનોમાં જઈ આવ્યો, પવિત્ર નદીઓમાં નાહી આવ્યો અને પ્રભુના ચરણ સ્પર્શ પણ કરી આવ્યો.

કયારેય હું આરતીની તાળીમાં જઈ આવ્યો તો કયારેક અલ્લાહની ચાદરમાં પણ પોઢી આવ્યો. મને ખૂબ મજા આવે છે અને જેનીજેની પાસે જાઉં છું એને પણ મજા કરાવું છું.'

સિક્કાની વાત સાંભળીને નોટની આંખો ભીની થઈ ગઈ.

મિત્રો, તમે કેટલા મોટા છો એના કરતાં તમે લોકોને કેટલા ઉપયોગમાં આવ્યા એ વધુ મહત્ત્વનું છે.

મોટા હોય પણ ઉપયોગમાં ન આવે તો એ નાના જ છે અને નાના હોય પણ બીજાને ઉપયોગમાં આવે તો એ નાના નહીં બહુ મોટા છે.

રહીમજીએ સાચે જ લખ્યું છે,
'બડા હુઆ તો કયા હુઆ, જૈસે પેડ ખજૂર,
પંથા કો છાયા નહીં ઔર ફલ લગે અતિદૂર.'

સ્પર્શમણિ
વિશાળ દરિયાના ખારા પાણી બનીને શું કરશો?
બનવું હોય તો બનો મીઠાં ઝરણાંના 'નીર' જયાં સિંહ પણ ઝૂકીને પાણી પીવે છે!

- rasikvaland1965@gmai.com